


પદવીદાન સમારોહ - ગાંધીનગર ખાતે ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના ચોથા પદવીદાન સમારોહમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા હતા... તેજસ્વી વિદ્યાર્થીઓને સંબોધતા પ્રધાનમંત્રીએ આવતીકાલના પડકારોને સમજવા અને પહોંચવા સક્ષમ બનવાની હાંકલ કરી હતી... પ્રધાનમંત્રીએ ૩૧ સુવર્ણચંદ્રક વિજેતા વિદ્યાર્થીઓને સન્માન્યા હતા... આ પ્રસંગે રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, મંત્રીમંડળના સભ્યો તથા તજજ્ઞો સાથે વિદ્યાર્થીઓની સમુહ તસવીર સંભારણું બની ગયું...

# વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૯ માટે તૈયારીઓ આરંભાઈ

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં આગામી વર્ષ ૨૦૧૯ દરમિયાન વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૯ને અનુલક્ષી તંત્ર દ્વારા અત્યારથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટના મેગા એકઝિબીશનને અનુલક્ષી ઈન્ડેકસ બી દ્વારા ટેન્ડર આમંત્રિત કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. એજન્સીઓને ટેન્ડર મંગાવી ડિઝાઈન તૈયાર કરવાથી લઈ મંજુરી સુધીની પ્રક્રીયા અન્વયે પણ જવાબદારી સોંપવામાં આવી છે.

ગાંધીનગરના આંગણે દર બે વર્ષે યોજાતી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવે છે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વિશ્વના મોટાભાગના દેશો અને અનેકવિધ કંપનીઓ પણ ભાગી લેતી હોવાથી ભવ્ય સમિટની તડામાર તૈયારીઓ લાંબા સમય પુર્વે થી જ શરૂ કરી

## ઇન્ડેકસ બી દ્વારા કંપનીઓને આમંત્રિત કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઇ

દેવામાં આવે છે. આ સમિટમાં દેશ વિદેશના તમામ મહાનુભાવો ગાંધીનગના મહેમાન બનતા હોવાથી નગરને પણ દુલ્હનની જેમ શણગારવામાં આવે છે.જયારે શહેરમાં બ્યુટીફિકેશનથી માંડીને રોડ નેટવર્ક તેમજ સફાઈ અને સુસોભનની કામગીરી પણ તેજ બનાવી દેવામાં આવે છે. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને પણ સે-૧૭ ખાતે મેગા એકઝિબીશન સેન્ટરને તૈયાર કરવા માટે તેમજ દુનિયાની વિવિધ કંપનીઓને વાઈબ્રન્ટમાં સામેલ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ઈન્ડેકસ બી દ્વારા મેગા એકઝિબીશનને અનુલક્ષી કંપનીઓને આમંત્રિત કરવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની પ્રક્રીયા પણ આરંભી દેવામાં આવી છે. જયારે આ મામલે કંપનીઓને વિવિધ સગવડ પુરી પાડવા ઉપરાંત ડિઝાઈન તેમજ મંજુરી આપવા સહીતની સઘળી જવાબદારી એજન્સીને સોંપવામાં આવશે.

# સ્વર્ણિમ પાર્કમાં ટ્રી-ગાર્ડ બિનવારસી હાલતમાં : રોપાઓ પણ સુકાયા

## મહાત્મા મંદિરના ગેટ નં -૫ પાસે જ વૃક્ષોની અવદશા : ટ્રી ગાર્ડ બિનઉપયોગી અને નવા રોપાઓની વાવણી પણ થતી નથી

ગાંધીનગર તા ૨૩

મહાત્મા મંદિરના ગેટ નં-૫ સામે સ્વર્ણિમ સંકુલ પાસે ટ્રી ગાર્ડ માર્ગ ઉપર પડયા છે. જયારે સામેના વિસ્તારામાં રોપાઓ પણ સુકાઈ ગયેલી હાલતમાં જોવા મળી રહયા છે. મહાત્મા મંદિરના આ ગટેની ડાબી તેમજ જમણી બાજુએ રોપાઓ સુકાયેલી હાલતમાં છે. જયારે આસપાસના વિસ્તારમાં પણ વૃક્ષોમાં સુકારો જોવા મળી રહયો છે. આ ઠેકાણે ટ્રી ગાર્ડ લાંબા સમયથી પડયા છે પરંતુ નવા રોપાઓની વાવણી કરવામાં આવતી નથી. આ સ્થિતિ વચ્ચે ટ્રી ગાર્ડની ચોરી પણ થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે ખુલ્લામાં બિનવારસી હાલતમાં પડેલા ટ્રી ગાર્ડને પણ નુકશાન કરવામાં આવ્યુ છે. વરસાદી દિવસોમાં અનેક ઠેકાણે નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. શહેરમાં પણ ૨૨ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે વરસાદ ખેંચાતા વનતંત્ર દ્વારા સુકાયેલા વૃક્ષોના બાળમરણ સામે નવા રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. બીજીતરફ ટ્રી ગાર્ડના કોઈ ઉપયોગ વિના સ્વર્ણિમ પાર્ક તેમજ મહાત્મા મંદિરના આ વિસ્તારમાં હરિયાળી સુકારાનો ભોગ બની હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે નવા રોપાઓની વાવણીનુ કામ પણ થતુ નથી.

# અડવાણીના કાફલાને સરકીટ હાઉસને બદલે રાજભવન લઈ જવાતાં ચર્ચા

## સત્તાધીશોએ ઇન્ચાર્જ અધિકારીનો ઉધડો લીધો

ગાંધીનગર, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની એક દિવસની મુલાકાતે છે અને આજે સાંજે સોમનાથ ટ્રસ્ટની મહત્વની બેઠક હોઈ તેમાં વડાપ્રધાન મોદીની સાથે કેશુભાઈ પટેલ, લાલકૃષ્ણ અડવાણી સહિતના નેતાઓ અને મહાનુભાવો પણ ભાગ લેનાર છે ત્યારે આ સોમનાથ ટ્રસ્ટની બેઠકમાં ભાગ લેવા આવેલા ભાજપના પીઢ અને દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને તંત્રનો કડવો અનુભવ થયો હતો. જવું હતું હરિદ્વાર અને પહોંચી ગયાં હરિયાણા જેવો ઘાટ ભાજપનાં વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી સાથે થયો હતો. જેમાં અડવાણીનાં કાફલાને એરપોર્ટથી સર્કિટ હાઉસ લઈ જવાને બદલે ભૂલથી રાજભવન લઈ જવાતાં ઉચ્ચ સત્તાધીશોએ ઈન્ચાર્જ અધિકારીનો ઉધડો લઈ નાંખ્યો હતો. કાફલાનાં ઈન્ચાર્જ પી.આઈની ભૂલથી અડવાણીનો કાફલો રાજભવન સુધી પહોંચી ગયો હતો. બનાવની ગંભીરતા ધ્યાને લઈ હાલ આ અંગે એસ.પી ઓફિસ અને કંટ્રોલ રૂમમાં ભૂલની મૌખિક ફરિયાદ નોંધવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આજે સોમનાથ ટ્રસ્ટની બેઠકમાં ભાગ લેવા માટે ભાજપ અધ્યક્ષ અમિત શાહ અને ભાજપનાં વરિષ્ઠ નેતા અને ગાંધીનગરથી સાંસદ લાલકૃષ્ણ અડવાણી અમદાવાદ આવી પહોંચ્યાં છે. ત્યારે મહત્વનું છે કે અમદાવાદ એરપોર્ટ પર આગમન થતાં આ બંન્ને નેતાઓનું ભાજપનાં પદાધિકારીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. જો કે તેઓમાંથી લાલકૃષ્ણ અડવાણીનાં કાફલાને એરપોર્ટથી સર્કિટ હાઉસ લઈ જવાનો હતો ત્યારે અડવાણીનાં કાફલાને ભૂલથી રાજભવન લઈ જવાયો હતો. સમગ્ર બાબતની પાછળથી ખબર પડતાં કાફલાને દોરીસંચાર કરતાં સુરક્ષા કર્મીઓ અને જવાનોમાં દોડધામ મચી ગઈ હતી. ખાસ કરીને ઉચ્ચ સત્તાધીશો દ્વારા કાફલાનાં ઈન્ચાર્જ પી.આઈનો ઉધડો લઈ લેવાયો હતો, તેમજ આ મામલે એસ.પી ઓફિસ અને કંટ્રોલ રૂમમાં ભૂલની મૌખિક ફરિયાદ પણ નોંધાઈ છે. સુરક્ષા કાફલા અને અધિકારીઓની આટલી ગંભીર ભૂલને લઈ ભારે ચકચાર મચી ગઈ હતી તો, તંત્રમાં પણ દોડધામ મચી ગઈ હતી.

# સ્વચ્છતા એપનું ગ્રામીણ રહીશોના મોબાઈલમાં ડાઉનલોડ કરાવી સૂચનો મોકલો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા સર્વેક્ષણ અંગે લોકભાગીદારીના સૂચનો મેળવવા માટે તંત્રના અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.

જિલ્લામાંથી ૫૦ હજારથી વધુ ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતાને લઈ સૂચનો તેમજ પંચાયતની કામગીરી અંગેની વિગતો રજુ કરવા જોઈએ. જેની સામે ૧૧ હજાર જેટલા જ સૂચનો અને વિગતો સ્વચ્છતા એપ પર અપલોડ થઈ હોવાથી આજે જિલ્લાના અધિકારીઓને લાયઝનીંગ કરી તાત્કાલિક આ એપ પર સૂચનો મળે તે જોવા માટે જણાવવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ માટે ૮ જેટલા અધિકારીઓને ખાસ જવાબદારી સોંપી અને ગ્રામ્ય વિસ્તારમાં વ્યાપક સંપર્કો સાથે આ કામગીરી સંપન્ન કરવા માટે જણાવાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં પશુધન માટે ખરવા-મોવાસાનું ૨૫ ઓગષ્ટથી ખાસ રસીકરણ અભિયાન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૫મી ઓગષ્ટથી જિલ્લા પશુપાલન શાખા દ્વારા ખરવા-મોવાસાની વિનામૂલ્યે રસીકરણ અભિયાનનો આરંભ થઈ રહ્યો છે.

એક મહિનાથી વધુ સમય સુધી ચાલનારા આ રસીકરણ અભિયાન માટે ૮૬ જેટલા લાઈવસ્ટોક ઈન્સ્પેકટરોની ટીમો બનાવવામાં આવી છે. ચોમાસાના આ નાજુક તબક્કામાં પશુધનને આ રસીકરણનું અભિયાન ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે હાથ ધરવામાં આવી રહ્યું છે.

જિલ્લામાં ચાર લાખથી વધુ પશુધનને આ રસીકરણ અભિયાનમાં આવરી લેવામાં આવનાર છે. જિલ્લા પશુપાલન તંત્રએ દરેક પશુપાલકોને અપીલ કરી આ મફત રસીકરણ અભિયાનમાં પશુઓને ખરવા-મોવાસાના રોગથી રક્ષિત કરવા જણાવ્યુ છે. આ માટે ગામના પશુદવાખાનાનો સંપર્ક કરી વિનામૂલ્યે રસીકરણનો લાભ લેવા પણ આગ્રહ કરવામાં આવ્યો છે.

# ખ માર્ગની મુખ્ય ગટર લાઈનની ક્ષતિ નિવારવા ટુંકમાં કામ હાથ ધરાશે

## મુખ્યલાઇન બેસી જતા અન્ય લાઇન સાથે જોડાણ આપવામાં આવશે : આસપાસના સેકટરોમાં ગટરનુ દુષિત પાણી બેક મારતુ હોવાની ફરિયાદો કકળાટનુ કારણ બની છે

ગાંધીનગર તા ૨૩

શહેરના ખ માર્ગ પર ગટરલાઈનની મુખ્ય લાઈન બેસી જતા આસપાસના સેકટરોમાં ગટરોનુ પાણી બેક મારતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે આ સમસ્યાનુ નિરાકરણ લાવવા માટે તંત્ર દ્વારા મેઈનલાઈને અન્ય લાઈન સાથે જોડાણ આપવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે.

શહેરના ખ માર્ગ પર ગટરની મુખ્યલાઈન ઘસી પડી હોવાના લીધે ગટરલાઈનમાં ખામી સર્જાઈ છે. જયારે આ લાઈન બેસી જવાના લીધે આસપાસના અનેક સેકટરોમાં ગટરનુ દુષિત પાણી બેક મારતુ હોવાની વ્યાપક ફરિયાદો પણ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. જયારે સ્થાનિકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. આ વિસ્તારમાં ગટરના દુષિત પાણીના લીધે દુર્ગંધયુકત વાતાવરણના લીધે રાહદારીઓ ગુંગળામણ અનુભવી રહયા છે. ખ માર્ગ પર ગટર લાઈનમાં મોટી ક્ષતિ ઉદભવતા આસપાસના સે- ૩ થી ૫ અને સે ૧૨ થી ૧૪ ના રહેણાંક વિસ્તારમાં પણ ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. શહેરમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો વારંવાર આમ નાગરિકોના કકળાટનુ કારણ બને છે. સેકટરોમાં સ્થિત દાયકાઓ જુની લાઈનના લીધે સેકટરની વધતી વસતી અને વિકાસની સાપેક્ષમાં નતનવી સમસ્યાઓ ઉદભવતી હોવાનુ ધ્યાને આવે છે. સેકટરમાં વસતી મુજબ હવે જુની લાઈન બદલવાનો સમય પાકી ગયો હોવાનુ પણ નિષ્ણાંતો માની રહયા છે.

જયારે સમસ્યાનુ યોગ્ય નિરાકરણ ન આવતા તંત્ર અને સ્થાનિકો માટે ગટરલાઈનનો પ્રશ્ન શિરદર્દ સમાન બનતો જાય છે. ખ માર્ગ પર ગટરની મુખ્યલાઈન બેસી જવાના લીધે વારંવાર આસપાસના સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જયારે આ ફરિયાદો નિવારવા માટે તંત્ર દ્વારા મેઈનલાઈનનુ જોડાણ અન્ય લાઈન સાથે આપવાની કામગીરી ટુંકમાં હાથ ધરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

# બદપુરામાં છ પરિવારોને પ્રધાનમંત્રીએ ઈ-ગૃહપ્રવેશ કરાવ્યો

## એક મહિનામાં જ રોડ-રસ્તા-નળ લાઈટની સુવિધા સાથેનું મકાન તૈયાર કરાયું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં બદપુરા ગામના ૬ રહીશો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન બનાવી અને ઈ.ગૃહ પ્રવેશ પ્રધાનમંત્રીએ કરાવતાં ગામમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

ગામના લાભાર્થી ભાવનાબેન દંતાણીએ આ સુવિધા માટે પ્રધાનમંત્રીશ્રી મોદી, મુખ્યમંત્રીશ્રી રૂપાણી તેમજ તંત્રના અધિકારીઓનો આભાર માન્યો હતો એટલુ જ નહિ તેમણે જણાવ્યુ હતુ કે આજે અમારૂ 'ઘરનું ઘર' હોય એ સ્વપ્ન સાકાર થયું છે. તંત્રએ અમને લાઈટ અપાવી છે અને નળ તેમજ સંડાસ-બાથરૂમની સુવિધા સાથેનું મકાન અને તે માટેની સહાય કરી છે. બદપુરાના આ છ લાભાર્થીઓ ગામમાં ખેત મજૂર તરીકે રહે છે અને તેમનું જીવન કાચા ઝૂંપડામાં ગુજારતા હતા.

માત્ર એક મહિનાના ટુંકા ગાળામાં પ્લોટની ફાળવણી તેમજ ધાબાવાળુ મકાન તૈયાર કરી દેવામાં આવ્યુ હતુ અને આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમને ઈ.ગૃહપ્રવેશ કરાવ્યો ત્યારે સૌના હૈયે હરખ છુપ્યો છુપાતો ન હતો.

## ભાવભીની અંજલિ



**સ્વ. ડો. અરૂણભાઈ વ્યાસા**

**અવિનાશી આત્માને...**

આપના જીવનનો બહુમુલ્ય દ્દષ્ટિકોણ, સફળતાપૂર્વક ધ્યેય પાર પાડવાની નીતિમત્તા અને કર્તવ્યનિષ્ઠ પ્રેમાળ છત્રછાયા પૂરી પાડી એવા આપ અમારી દરેક ક્ષણમાં હયાત છો. સામાજીક સેવાથી સદ્દગુણોની સુવાસ પ્રસરાવેલ એવા વ્યક્તિત્વને

પાવન સ્મૃતિ સાથે ભાવભીની અંજલિ

શર્મિષ્ઠાબહેન એન. દવે
(પ્રમુખ)

| | |
|---|---|
| ડો. અંજનાબહેન વેદ | હિતેષીબહેન ભટ્ટ |
| યોગીનીબહેન ત્રિવેદી | ઉષાબહેન ગજ્જર |
| જશોદાબહેન જોષીયારા | મંદાબહેન ધોળકીયા |
| કુસુમબહેન પરમાર | હંસાબહેન જોષી |
| સંગીતાબહેન ભટ્ટ | ભાનુબહેન ભટ્ટ |
| દક્ષાબહેન સોલંકી | પ્રતિમાબહેન શાહ |
| સ્મિતાબહેન જહા | પલ્લવીબહેન ગુપ્તે |
| અરૂણાબહેન ગજ્જર | ચેતનાબહેન બુચ |
| કુમુદબહેન જોષી | વૈશાલીબહેન જોષી |
| સાવિત્રીબહેન ગોહેલ | સાબેરાબહેન દેસાઈ |
| સરોજબહેન દેસાઈ | મંજુલાબહેન ભલગામી |

**અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ**
**ગાંધીનગર શાખા સભ્ય પરિવાર**

## નામ બદલેલ છે

મારું જુનું નામ Puspendrasinh Harisinh Suryvanshi હતું તે બદલીને નવું નામ Pushpendrasinh Harisinh Suryavanshi કરેલ છે.

સરનામું : ૮૪૯/૧, સેક્ટર-૭-સી, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com